માસિક Shree Swaminarayan (Gujarati Monthaly)

શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે સળંગ અંક ૨૨૬ મે ૨૦૨૬
Volume no. 19, Issue No. 226 May 2026

ચંદનનાવાઘા

કેરીનો અન્નકૂટ



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-





ભુજ મંદિરના ૨૦૩ મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અને સભામાં આશીર્વાદ-દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




કોડાય (કચ્છ) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી






મેઘપર (કચ્છ) મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી






નારણપર ઉપલોવાસ (કચ્છ) મંદિરના ૨૦ મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા અને સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર



વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૯) ● સળંગ અંક : ૨૨૬ ● મે-૨૦૨૬

અ નુ ક્ર મ ણિ કા

૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી આશીર્વચન ૦૬

૦૪. યુ.કે. વિદેશ સત્સંગ વિચરણ ૦૮

૦૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૦૯

૦૬. ભક્તિસુધા ૧૦

૦૭. સત્સંગ સમાચાર ૧૪

સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)
Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
Mo. : 9313706095
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

અસ્મદીયમ્



શ્રી સ્વામિનારાયણ

આ બ્રહ્માંડમાં અબજોની સંખ્યામાં મનુષ્યની વસતી છે. દરેકનું પરમકૃપાળુ પરમાત્મા પાલન કરે છે. પાપી હોય તેનું પણ પોષણ કરે છે. ભગવાનના દરબારમાં કોઈ ભેદભાવ નથી. જે કાંઈ છે તે આપણે કર્યા છે. ત્યાં તો દરેકનો ન્યાય એક સરખો છે.

આપણને ભગવાને આ મહામૂલો અતિ કિંમતી મનુષ્ય દેહ અનેક જન્મોના અંતે આપ્યો છે તે ભગવાનને આપણે ભૂલી ગયા છીએ. માનવ જીવનનું કર્તવ્ય આપણને ખબર છે છતાં આપણે તે રસ્તે ચાલતા નથી. પરમાત્મા ના નામની માળા તો રોજ ફેરવીએ છીએ પણ માતાના ઉદરમાં આપેલો કોલ ભૂલી ગયા છીએ. શ્રીહરિએ દિન દુઃખીયાની મદદ કરવાનું આશ્રિત માત્રને કહ્યું છે. આપણે જે કાંઈ સારું કરીએ તે કોઈને બતાવવા કે વાહ વાહ, કે માન-સન્માનની ઈચ્છાએ કરીને કરવું નહી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો એજ ધ્યેય છે કે ભગવાનનું ભજન તો કરો પણ માનવતાનું આપણું કર્તવ્ય ભૂલવું ન જોઈએ. શિક્ષાપત્રી પણ આપણને આજ શીખવે છે.

અત્યારે અસહ્ય ગરમી ચાલી રહી છે. ભગવાનને ચંદન-સુખડના વાઘા ધારણ કરાવીને શિતળતા મળે અને સૌને દર્શન કરતાજ મનમાં-ચિત્તમાં પણ શાંતિ મળે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

બીજું ખાસ આજે ઘણા દેશોમાં પાણીની મોટી સમસ્યા છે. અને તે વરસો વરસ વધતી જવાની છે. જો આપણે તેનું મૂલ્ય નહીં સમજીએ તો, આપણા ઘર-પરિવારથી શરૂઆત કરીએ કે પાણીનો ખોટો બગાડ ન થાય, જરૂર પ્રમાણે વાપરીએ, તે ખૂબ જરૂરી છે. આપણા દેશમાં વરસાદની અનિયમિતા છે. તેનું કારણ આપણે કુદરત સાથે ચેંડા કરીએ છીએ. વૃક્ષોના જંગલો દર વર્ષે ઓછા થતા જાય છે અને કોંક્રિટના જંગલો વધતા જાય છે. રસ્તાઓ મોટા કરવા વૃક્ષો અને પહાડો કપાય રહ્યા છે. આ બધું કુદરતથી વિપરીત થઈ રહ્યું છે. પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે આમાંથી સૌને બોધપાઠ મળે.

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના
જયશ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

तवारीज


(એપ્રિલ-૨૦૨૬)



૨	ઉનાવા ગામે પ્રસાદીના છત્રીવાળા શ્રી હનુમાનજી દાદાની પનઃપ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. રાયણ મંદિર માંડવી (કચ્છ) શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩	એકાદશીના શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૭-૧૮	શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘપર (કચ્છ) ૧૫ માં પાટોત્સના પ્રસંગે પધરામણી.
૧૯	ઉનાવા શ્રી સ્વામિનારાયણ મંદિરના ૧૯૫ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૦-૨૧	શ્રી સ્વામિનારાયણ મંદિર મેમકા (મૂળી પ્રદેશ) વિદશાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી ત્યાંથી ભુજ (કચ્છ) શ્રી નરનારાયણદેવના ૨૦૩ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫-૨૬	શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપર -કચ્છ (ઉપલોવાસ) વિદશાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.
૨૭	શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર એકાદશીના શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૨૯	શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.
૩૦	શ્રી સ્વામિનારાયણ મંદિર કોડાય (કચ્છ) ૧૦ મા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(એપ્રિલ-૨૦૨૬)



૨	શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમના શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે અને સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૧૧	શ્રી નરનારાયણદેવ યુવક મંડળની મિટિંગ પોતાની અધ્યક્ષતામાં સંપન્ન થઈ. સ્વામિનારાયણ મ્યુઝિયમ.
૧૩	એકાદશીના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૭-૨૦	શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનલેન, સ્ટ્રેધામ, બ્રોમલી, સ્ટેનમોર અને લેસ્ટર (યુ.કે.) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃતવચનો



શ્રી સ્વામિનારાયણ મંદિર, દિયોદર (બનાસકાંઠા), તા. ૧-૩-૨૦૨૬ : દસ દસ વર્ષ વિતી ગયા આ મંદિરને ભગવાનની કૃપાથી, સમય ક્યાં જાય છે..... પણ આ વિસ્તારના દરેક હરિભક્તોએ જે સેવા કરી છે એ ખૂબ ધન્યવાદને પાત્ર છે. આ સ્થાનની કલ્પના ના થઈ શકે. પ્રથમવાર જ્યારે મહંત સ્વામીએ મને વાત કરી કે આપણા દિયોદરના હરિભક્તો..... મે કીધું, ક્યાં આવ્યું દિયોદર ? આ હકીકત કહું છું, પછી તો આ દિલીપભાઈને ઠક્કરબાપા ને બીજા બધા હરિભક્તો મળ્યા, વાત ચીત થઈ. મંદિરમાં ભગવાનને પધરાવવાનો ખૂબ ઉત્સાહ અને ઉમંગ જોયો. **મંદિર હોય એટલે સત્સંગ થાય, આપણા નાના મોટા સંસ્કારો, આપણા સિધ્ધાંતો જળવાઈ રહે, દીકરા દીકરીઓની સુરક્ષા રહે એના માટે, હમણા સ્વામીએ વાત કરીને કે મંદિર શા માટે ? તો એના માટે મંદિરની જરૂર છે.** અહીંયા તમે બેઠા છો અને જે વિચારો આવે છે એનાથી વિરુધ્ધ આપણે ગામના ચોરે બેસી ને કે કોઈ ગલ્લે ઉભા હોય કે ભજીયાની લારી ઉપર કોઈ ઉભા હોય, બધી જગ્યાએ હોય માણસ, એના એ માણસને તમે મંદિરમાં જઈને ઉભો કરો, એના વિચારોમાં થોડો ફેરફાર આવે છે ? બધાને નથી કહેતો પણ અડધાનો અડધો ને એનો પણ અડધો ટકો ફેરફાર અવશ્ય આવે છે. આ બહુ સીધી વાત છે. **સ્થાનનો બહુ મોટો મહિમા છે.**

આપણા જે શાસ્ત્રો છે એમાં લખ્યુ છે, આસન, મંત્રને માળા કોઈ દિવસ બદલવું નહિ. જે વારસામાં મળ્યુ હોય ને ઘણીવાર આપણા વડવાઓ પાસેથી માળા મળી હોય, મંત્ર....મંત્ર એટલે ખાલી ગુરુમંત્ર નહી પણ જે સંસ્કારો આપણને વડીલો પાસેથી મળ્યા હોય, વડીલો કઈ કઈ વાત કરતા હોય તો આપણને એમ થાય કે એ તો બોલ્યા કરે પણ વડીલો પાસેથી જે મળે છે.....૧૦ વાત ફરી ફરીને કહેતા હોય પણ **એક વાત એવી નીકળી જાય કે આપણા જીવનમાં ફેરફાર કરી નાખે.** રીપીટેશન (પુનરાવર્તન) બધી જગ્યાએ હોય છે. શાસ્ત્રમાં પણ એકની એક વસ્તુનું.... ગમે તે શાસ્ત્ર લો એમાં રિપીટેશન બહુ હોય છે. શ્રીમદ્ ભાગવત જુઓ, રામાયણ જુઓ, શિક્ષાપત્રી હોય કે સત્સંગિજીવન હોય કે કોઈપણ ધાર્મિક શાસ્ત્ર ખોલો તો એમાં રીપીટેશન હોય છે. એક જ શાસ્ત્રમાં પણ એનું એ રીપીટેશન હોય છે. તો વડીલો પાસેથી જે સંસ્કારો મળે છે, માળા મંત્ર અને આસન - આસન એટલે કઈ જગ્યાએ બેસવું, આપણે બેસવા માટે જે પાથરવાનું હોય એને જ આસન ન કહેવાય. વડીલોએ જે જગ્યા ઉપર બેસીને પૂજા કરી હોય એ સ્થાન, જૂના સમયમાં નાના મકાનો હતા એટલે ગોખલા જેવું મંદિર હોય, હવે તો મોટા મકાનો થઈ ગયા છે. **જૂના મકાનોમાં ગોખલામાં મૂર્તિ મુકી હોય તે ગોખલામાં દીવો થાય, ઉપર કાળુ થઈ ગયું હોય, એમાંય પાછો ફોટો ઝાંખો થઈ ગયો હોય, ફોટો ઝાંખો થઈ ગયો હોય એટલે ભગવાન જતા ના રહે. ભગવાનને સોનાનું ના કરવું પડે.** વસ્તુ અગત્યની એ છે કે, એ સ્થાન જે મલ્યું હોય, પરંપરા જે મળતી હોય છે. **કોઈને મા-બાપે માળા આપી હોય, વડીલોએ જે માળા ફેરવી હોય અને આપણને આપી હોય તો આપણે માથે ચડાવીએ, પૂજામાં રાખીએ કાયમ અને એ માળા ફેરવીએ તો આપણા વિચારો સમાન થાય છે, વિચારોમાં સાત્વિકતા આવે છે.**

જૂના મંદિર જુઓ. ઘણા વખતનો અનુભવ કહું છું અને ઘણી જગ્યાનો અનુભવ કહું છું. આજે મોટા મોટા મંદિરો હોય, અંદર આધુનિક બધી વ્યવસ્થા હોય, અંદર જાવ એટલે લાઈટ થાય, પગથિયા ચડી જવાય એવાય મંદિરો હોય છે. **પણ ગામડા ગામમાં એ જૂના નાના ૨૦ X ૨૦ ના મંદિરો હોય, ઘણા બધા આપણા ઝાલાવાડમાં છે. આપણા ઉત્તર ગુજરાતમાં છે જે સચવાઈને રહ્યા છે. ત્યાં જઈએ તો અંદરથી કંઈક ટાઢક લાગે. આ તમારા જ ગામનું મંદિર છે, ભગવાન પધરાવ્યા છે. કારણ કે ભગવાન જે પધરાવ્યા છે એ પ્રત્યક્ષ બિરાજમાન છે અને વડવાઓએ ખૂબ ભજન કર્યું છે એ ભજનના પ્રતાપે ધીરે ધીરે ધીરે ધીરે આપણામાં એની અસર આવતી હોય છે.**

આપણે તો ભાગ્યશાળી છીએ કે ઘેર બેઠા ભગવાન મળ્યા. આવું સરસ મંદિર એને ૧૦ વર્ષ પરિપૂર્ણ થયા, સંકલ્પ કર્યો હતો એને તો ૧૫ વર્ષ પરિપૂર્ણ થયા. દિલીપભાઈએ અને હરિભક્તોએ બહુ ધક્કા ખાધા પણ ગળે ઉતરવું જોઈએ ને કે આ દિયોદર છે શું ? પણ પછી બહુ સંતોષ થયો અને હવે તો **ભાભરની અંદર પણ સરસ મંદિર થઈ રહ્યું છે.** અહીંના હરિભક્તોનો ઉમંગ અને ઉત્સાહ છે. મેં દિલીપભાઈને કહ્યું, અહીંથી નાનો મોટો જે ધર્માદો આવતો હોય એ અને આપણે

અમદાવાદથી તો સહાય થશે જ, કરીશું જ. હમણા પાટણવાળા આવેલા, કહે ખાત મુહૂર્તની તારીખ આપો. આજુબાજુની દિવાલ પડી જાય છે. મે કીધું, દિવાલ તો હરખી કરી નાંખો. દિવાલનું ખાત મુહૂર્ત કરવાનું છે કે મંદિરનું ખાત મુહૂર્ત કરવાનું છે ? એય થઈ જશે. ચિંતા જ નથી. મેં દિલીપભાઈને કીધું, બધા ભેગા મળી ને એય ચાલુ કરીને પુરુ કરી દો. થાય એટલું કરજો. અમે સહયોગ આપીશું. ભગવાન બેઠા છે. **તમે દેવને જે રૂપિયા આપો છો એના એ જ અમે આપીએ છીએ ને !** દિયોતર માટે પણ આપણે ચેક આપ્યો હતો. રકમ જે પણ હશે એ, એટલે મેં દિલીપભાઈને હમણાં જ કીધું કે, મારા વતી હરિભક્તોને ભલામણ કરીશ કે **દિયોદરના હરિભક્તો જેઓ ધર્માદો આપતા હોય એ, દિયોદરમાં તો મંદિર થઈ ગયું છે તો હવે તેઓ ભાભરમાં સહયોગ કરજો. આ મારી ખાસ ભલામણ છે અને જે ધર્માદો ન આપતા હોય એ આપજો. આ મહારાજની આજ્ઞા છે. ધર્માદો ન આપતા હોય એ સેવાની રીતે આપજો. સેવા કરી હોય તો અવશ્ય પણે આપણને મમત્વ થાય આ સીધી વસ્તુ છે.**

પહેલા કોઈની પાસે પૈસા ન હોતા. હવે પૈસા આવ્યા એટલે બગાડ થોડો ઘણો થયો. ખીસું ગરમ હોય એટલે મગજ પણ ગરમ રહે. બધાને એવું ન હોય પણ ખીસુ ટાઢું હોય તો બેસી જાય એ માણસ, શું કરે ? **પહેલાના જમાનામાં આખા ગામમાં એકાદ-બે માણસ હોય કે જેને બીજા કહે કે આનો સ્વભાવ બહુ ગરમ છે અને એ ઓળખાતા હતા અને આજે આખા ગામમાં એકાદ જણ એવો હોય કે જેને બીજા કહી શકે કે આનો એકનો જ સ્વભાવ બહુ ટાઢો છે.** તમે જોજો આજે તો લગભગ મોટા ભાગના લોકોની તપેલી ગરમ જ રહેતી હોય છે કારણ કે ખીસુ ગરમ હોય ને એટલે આમ મજબૂત રહે. આ તો હસવા માટેની વાત છે પણ હકીકતમાં વસ્તુ એ છે કે **પહેલા પૈસા નહોતા એટલે લોકો સમય આપતા. કાલુપુર મંદિર થતું હતું તો કોઈ બે મહિનાના સમયની સેવા આપે તો કોઈ ઈંટાળા ને પથરા લઈને આવે, કો'ક માટી ખૂંદવા આવે તો કો'ક લાકડાની સેવા-ખેતરમાં જૂના ઝાડ હોય તેના જાતે લાકડા વેરી વેરીને લાવે. કો'ક પથ્થરની સેવા કરે. રાધાકૃષ્ણદેવની સામેનો પ્રસાદીનો થાંભલો છે એ થાંભલાનો ઈતિહાસ સંતો કહેશે, લગભગ તમે જાણતા જ હશો પણ આ બધી સેવાથી મમત્વ ને પોતાપણું થાય છે. સેવા કરી હોય તો ફરી ફરીને કે વાર તહેવારે પણ મંદિરે આવીને દર્શન કરવાનું મન થાય.**

દિવાળી આવે ને કોઈની સાથે સંબંધ હોય તો નથી જવું પડતું મળવા ? ભાઈઓને ગમતું ન હોય પરંતુ બહેનો કહે કે જવું પડે એટલે પછી વિલું મોઢું કરીને જવુ પડે છે ને ! આ તો મારો મશ્કરીઓ સ્વભાવ છે એટલે થોડું સહન કરજો. યુ-ટ્યુબમાં આવશે, વધારે આવશે, બીજું શું થશે ? **મહારાજે કીધું, કૃષ્ણ ભગવાને કીધું, બધા ભગવાને કીધું કે શત્રુ ભાવે, દુશ્મન ભાવે, મિત્ર ભાવે કે ફલાણા ભાવે છેલ્લે તો સ્વામિનારાયણ ભગવાનનું નામ લેશેને ! હું તો એવું માનું છું.** આપણે આનંદમાં રહેવું. જીંદગીમાં મઝા આવે. રેલના પાટા જેવી જીંદગી થોડી છે કે સીધે સીધી ચાલી જાય ? ઉંચા-નીચું નથી આવતું બધાના જીવનમાં ? એ તો આવે જ. કો'ક દિવસ શાકમાં મીઠું ઓછું પડે. કો'ક દાડે વાસણો વધારે ખખડી જાય, સીધે સીધામાં મઝા શું આવે ? ક્યારેક પકોડી જોઈએ, ક્યારેક અથાણું લાવવું પડે, કો'ક દિવસ પાપડ જોઈએ. આજે લાડવા છે ને ? છે જ ! એમ જુદું જુદું જોઈએ. તમે બેન્ડ પાર્ટીને ન બોલાવો ને એકલા મંજીરા વાળાને બોલાવો તો શું થાય ? કંટાળો આવે ? આવે જ. પણ એની જગ્યાએ પીપુડી કે શરણાઈ વાગતી હોય, ઢોલ વાગતો હોય, મંજીરા હોય, કંઈક બીજું વાગતું હોય, એ બધુ ભેગું વાગે ત્યારે સંગીત થાય. **એમ જીંદગીમાં બધા રસ ભેગા થાય તો જ જીંદગી એ જીંદગી કહેવાય નહી તો જીંદગી છે જ નહીં !** મસાલા વિના જીવન જીવવાનું શું કામનું ? એક માણસ એક ડૉકટર પાસે ગયો. કહે, વધારે જીવાય એવું કંઈક ગોઠવોને ! ડૉકટર કહે, દારૂ પીવો છો ? ના, બીડી પીવો છો ? ના, ફલાણું કરો છો ? ના. તો પછી વધારે જીવીને કરશો શું ? આ તો પરોક્ષનો જોક્સ છે. ક્યાંકથી હાંભળેલો, વાસ્તવિકતામાં આપણે એમાનું કંઈ કરવાનું નથી. પણ **સરળતાથી જીવનમાં બધુ મળી જાય એ વસ્તુ શક્ય જ નથી. સિધ્ધાંત રાખો તો દુઃખી થશો. ભગવાન રાખવા છે તો પરીક્ષા આવશે કારણ કે ભગવાનને પોતાની પરીક્ષા આવી છે. કૃષ્ણ ભગવાનને પરીક્ષા આવી છે. રામચન્દ્ર ભગવાનને પરીક્ષા આવી હતી અને એય એક ધોબીને લીધે. તમે વિચાર કરો. સીતાજીનો ત્યાગ કર્યો. આવું જ હોય છે દુનિયામાં. ભગવાન જેવા ભગવાન હતા તોય એક ધોબીને નડ્યા એટલે કોઈ કોમ ઉપર નથી કહેતો પણ શાસ્ત્રમાં લખ્યું છે અને હાંભળ્યું છે એટલે કહીએ છીએ. સ્વામિનારાયણ ભગવાન વખતે પણ એજ હતું.**

પણ આજના સમયે આપણે તો ભાગ્યશાળી છીએ. ભાભરના મંદિરનો બીજા માળનો સ્લેબ ભરાઈ ગયો છે. દિયોદરના ભક્તોને મારી ભલામણ છે કે એ મંદિરને જરૂર સહયોગ કરજો. ભાભરના હરિભક્તોને પણ ઉત્સાહ તો બહુ છે બધાને, મળવા આવ્યા હતા. તમારે બધાને દેવ પ્રત્યે, આપણા સત્સંગ પ્રત્યે લાગણી ને મમત્વ છે એટલે કાર્ય થાય છે નહીં તો આ ૨૦૨૬ માં કોને કોઈના માટે ટાઈમ છે ! પણ **આજે આટલો સમય કાઢીને આપણા દેવ મંદિરો માટે, આપણા સત્સંગ માટે અને આપણા પરિવાર માટે થઈને જે કાર્ય કરો છો એ ધન્યવાદને પાત્ર છે.** જે હરિભક્તોએ, યજમાનોએ સેવા કરી છે તથા આમંત્રિત મહેમાનો, ભાઈઓ, બહેનો, દીકરા-દીકરીઓ દરેકનું ભગવાન ખૂબ મંગળ કરે, રૂડું કરે એ જ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)



યુ.કે. વિદેશ સત્સંગ વિચરણ

- શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી (મહંતશ્રી કાંકરિયા)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આશીર્વાદાત્મક આજ્ઞાથી આપણા ભાવિ આચાર્ય મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા પૂજ્ય ગાદીવાળાશ્રી તથા પૂજ્ય શ્રીરાજા તા. ૧૭-૪-૨૦૨૬ ના રોજ સત્સંગ પ્રચાર અર્થે યુ.કે. (ઈંગ્લેન્ડ) પધાર્યા હતા. સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા કાંકરિયા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી તથા હજૂરી પાર્ષદ વનરાજ ભગત પધાર્યા હતા. સૌ પ્રથમ વિસલ્ડન મંદિરમાં સભા કરવામાં આવી. જેમાં અનેક હરિભક્તોએ પૂજ્ય લાલજી મહારાજશ્રી તથા બહેનોને પૂજ્ય ગાદીવાળાશ્રી તથા પૂજ્ય શ્રીરાજાના દર્શન આશીર્વાદનું સુખ પ્રાપ્ત થયું.

તા. ૧૮-૪-૨૦૨૬ ના રોજ સવારે હેરો મંદિરમાં સત્સંગ સભાનો લાભ આપ્યો અને સાંજે લેસ્ટર મંદિરમાં હરિભક્તો સાથે શુભેચ્છા મુલાકાત તથા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂજ્ય મહંત સ્વામી શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી, મહંત સ્વામી શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજી, મહંત સ્વામી શાસ્ત્રી કુંજવિહારીદાસજી તથા સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજીએ કથા-વાર્તા પ્રવચનનું સુખ આપ્યું હતું. પૂજ્ય લાલજી મહરાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ખૂબ રૂડા આશીર્વાદ સભાને પાઠવ્યા હતા.

તા. ૧૯-૪-૨૦૨૬ ના અખાત્રીજના શુભ દિવસે આપણા આઈ.એસ.એસ.ઓ. સંસ્થાનું એક સુંદર નવા મંદિરનું નિર્માણ બ્રોમલી ખાતે થઈ રહ્યું છે તેનું ભૂમિ પૂજન પૂજ્ય ભાવિ આચાર્ય મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ. પૂજ્ય ગાદીવાળાશ્રી તથા પૂ.શ્રીરાજાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. જેમાં હજારોની સંખ્યામાં હરિભક્તો આ પૂજનમાં જોડાયા હતા. સાથે સાથે બ્રોમલી મંદિરની ભૂમિ ઉપર શ્રી લક્ષ્મી કુબેર પૂજા તથા શ્રી ગણપતિજી તથા શ્રી હનુમાનજી તથા શ્રી નર્મદેશ્વર મહાદેવ શિવલીંગનું સ્થાપન કરવામાં આવ્યું હતું. આ સભામાં પૂજ્ય મહંત સ્વામી કાલુપુર તથા ભૂજ મંદિરથી પધારેલા પૂજ્ય સંતો તથા મહંત સ્વામી (કાંકરિયા)એ પણ ખૂબ સુંદર સત્સંગ કરાવ્યો હતો. છેલ્લે પૂજ્ય લાલજી મહારાજશ્રીએ ખૂબ રૂડા આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે આ બ્રોમલીની ભૂમિ પર આપણા આઈ.એસ.એસ.ઓ. સંસ્થાનું ખૂબ વિશાળ મંદિરનું બાંધકામ ટૂંકજ સમયમાં કરવામાં આવશે. જેનો લાખો હજારો ભાવિક ભક્તોને લાભ મળશે. મંદિરની સાથે જોડાઈ અને પોતાની નવી પેઢીમાં પણ આપણા સનાતન હિંદુ ધર્મના સંસ્કારોનું સિંચન થશે. સાંજે પૂજ્ય શ્રીરાજા તથા પૂજ્ય ગાદીવાળાશ્રીના સાંનિધ્યમાં મહિલા સત્સંગ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો બહેનોએ લાભ લઈ પોતાના જીવનની ધન્યતાનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ તેજ દિવસે સાંજે પૂજ્ય લાલજી મહારાજશ્રી સંતોની સાથે વુલવીચ મંદિરે દર્શન કરી ઠાકોરજીની આરતી ઉતારી હતી અને ત્યાંથી સ્ટ્રેધામ મંદિર સત્સંગ સભામાં પધાર્યા હતા જ્યાં હજારો ભક્તોને આશીર્વાદ દર્શનનું સુખ પ્રાપ્ત થયું હતું.

તા. ૨૦-૪-૨૦૨૬ ના રોજ પૂજ્ય ગાદીવાળાશ્રી તથા પૂજ્ય શ્રીરાજાના સાંનિધ્યમાં સ્ટેનમોર મંદિરના ૨૦ માં પાટોત્સવના ઉપલક્ષમાં બહેનોની વિશેષ સભા સાંજે ૩ થી ૬ વાગ્યા સુધી કરવામાં આવી હતી. અને સાંજે ૬ વાગ્યા પછી પૂજ્ય લાલજી મહારાજશ્રી સંતોની સાથે સભામાં પધારી ઠાકોરજીની આરતી ઉતારી સમગ્ર સભાને ખૂબ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૧-૪-૨૦૨૬ ના રોજ ધર્મકુળ પરિવારે ભારત જવા માટે સમગ્ર સત્સંગની વિદાય લીધી હતી. ત્યારબાદ પૂજ્ય મહંત સ્વામી શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી તથા મહંત સ્વામી શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી આપણા કોલી મંદિરમાં સત્સંગ વિચરણ માટે પધાર્યા હતા. ત્યાં ત્રણ દિવસની સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત ધીરજઆખ્યાનની કથા શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી ના વ્યાસાસને સંપન્ન થઈ હતી. આમ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા- આશીર્વાદથી યુ.કે.માં સત્સંગની દિન પ્રતિદિન ખૂબજ વૃધ્ધિ થઈ રહી છે. ધર્મકૂળની આ યાત્રા પ્રવાસથી અહીંના સત્સંગને ખૂબ બળ-પ્રેરણા મળી છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા
પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન
દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ યજ્ઞની યાદી એપ્રિલ-૨૬

તા. ૨૪-૦૪-૨૦૨૬	અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ - ગાંધીનગર - હ. પ.ભ. જગદીશભાઈ ચીમનભાઈ પટેલ, બિન્દેશ જગદીશભાઈ પટેલ, ધર્મ બિન્દેશભાઈ પટેલ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી એપ્રિલ-૨૬

તા. ૦૫-૦૪-૨૦૨૬	પ.ભ.શ્રી કીરીટકુમાર ઈશ્વરભાઈ પટેલ - માણેકપુરવાળા - ગાંધીનગર.
તા. ૧૭-૦૪-૨૦૨૬	પ.ભ.શ્રી આકાશભાઈ ભરતભાઈ ગજજર - ગાંધીનગર.
તા. ૧૮-૦૪-૨૦૨૬	પ.ભ.શ્રી કપિલભાઈ ચંદુભાઈ કાચા (કાચા ટેલર્સ) - રાજકોટ.
તા. ૧૯-૦૪-૨૦૨૬	પ.ભ.શ્રી જીતુભાઈ તુલસીભાઈ ટાંક - જીરાગઢવાળા - હાલ અંધેરી મુંબઈ.
તા. ૨૭-૦૪-૨૦૨૬	પ.ભ.શ્રી ભૂમિજા પ્રિયેન ભુડિયા - ગામ સૂરજપર હાલ ઓસ્ટ્રેલિયા

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ ભેટની યાદી એપ્રિલ-૨૦૨૬

રૂા. ૧૫,૦૦,૦૦૦/-	પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાર્થે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ૧૫ માં સ્થાપના દિન પ્રસંગે પ્રસાદીની વસ્તુની સેવામાં - હ. પ.ભ. સંજયભાઈ રમણભાઈ શંકરભાઈ પટેલ, અ.સૌ. મીનાબેન સંજયભાઈ પટેલ, પ.ભ. ભાવિક પટેલ, અ.સૌ. ઋતુબેન પટેલ, આદર્શ પટેલ - ઉનાવા (રામદાસ બાપા પરિવાર - ઉનાવા)

શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.

સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



ભક્તિસુધા

પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી
એકાદશી સત્સંગ-સભા પ્રસંગે
(કાલુપુર મંદિર-હવેલી) "મન, કર્મ, વચનથી કોઈને દુઃખી નહિ કરવાના"

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

મન, કર્મ, વચનની વાત આવીને કથામાં, મન વિષે શું આવ્યું ? મનને અંકુશમાં રાખીને ભગવાનમાં ચિત્તવૃત્તિને જોડી રાખવાની અને ત્રણ પ્રકારના કર્મોની વાત આવી. પૂર્વ કર્મ (પ્રારબ્ધ), સંચિત અને ક્રિયમાણ, ધર્મ જળવાઈ રહે, ભગવાનની પ્રાપ્તિ થાય અને કોઈને દુઃભવાય નહિ એવા કર્મો કરવાના. 'વચન' એટલે એવી વાણી બોલવાની કે સહેલાઈથી સમજાઈ જાય અને કોઈનું મન દુભાય નહિ. વર્તન પણ એવું નહિ કરવાનું કે કોઈને આપણો અભાવ આવી જાય. તમે આટલો બધો 'સત્સંગ' કરો, આટલા શાસ્ત્રો વાંચો અને પછી વર્તન સારુ ના કરો તો કાંઈ ફળે જ નહિ. કારિયાણીના બીજા વચનામૃતમાં મહારાજે શાપિત બુધ્ધિ વિષે વાત કરી છે. મહારાજે કીધું કે નિશ્ચય થઈ ગયા પછી પણ બીજી ખોટ દેખાય એની ચર્ચા કરવી છે. બે ભક્ત છે. બેઉનો નિશ્ચય દૃઢ અને પાકો છે. જીવ અંતઃકરણ સુધી તેમ છતા એકને અભાવ અને અવગુણ આવ્યે જ રાખે છે. અને બીજાને કાંઈ નહિ અને જેને અભાવ આવ્યા રાખે છે એની એક ખાસિયત એ પણ છે કે અભાવ આવ્યા પછી ટળી પણ જાય છે. મહારાજે પૂછ્યું કે : "એનુ કારણ શું છે ?" નિશ્ચય છતાં અભાવનું કારણ શું ? ભગવદાનંદ સ્વામીએ ઉત્તર આપ્યો કે : "મહારાજ એની બુધ્ધિ શાપિત થઈ ગઈ કહેવાય." મહારાજે કીધુ કે, "સાચો ઉત્તર છે." આ ખોટ મોટી છે. જેને દેહભાવ ટળી ગયો હોય મારુ, તારુ મટી ગયું હોય એને આ ખોટ રહેતી નથી. શાપિત બુધ્ધિના ત્રણ કારણો મુખ્ય છે. (૧) સાચા સંતોને દુભાવ્યા હોય. (૨) ગરીબ અને દીનને દુઃખી કર્યા હોય. (૩) માતા-પિતાની અવજ્ઞા કરીને એમનું દિલ દુઃખાવ્યુ હોય. આ ત્રણ વ્યક્તિના શાપથી બુધ્ધિ શાપિત થઈ જતી હોય છે અને શાપ માત્ર બોલીને લાગતો નથી, કોઈના મનથી નીકળેલી હાયનો પણ શાપ લાગે છે. અને આ એટલી મોટી ખોટ છે કે એનાથી કલ્યાણ અટકી જાય છે.

પછી ભગવદાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હેમહારાજ ! એની શાપિત બુધ્ધિ છે તે કેમ સારી થાય?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "એનું તો એમ છે જે, એક તો અમે આ માથે બાંધી રહ્યા એ વસ્ત્રને ધોવું હોય, અને એક તો મોદ જેવું જાડું વસ્ત્ર તેને ધોવું હોય ત્યારે તે કાંઈ સરખે, દાખડે ધોવાય નહિ, કાં જે આ ઝીણું વસ્ત્ર ધોવું હોય તેમા લગારેક સાબુ દેઈને ધોઈ નાખીએ એટલે તરત ઉજળું થાય, અને જ્યારે જાડા વસ્ત્રને ધોવુ હોય ત્યારે તેને બે-ચાર દિવસ સુધી પાણીમાં પલાળી મુકે ને પછી અગ્નિએ કરીને બાફે ને પછી સાબુ દઈને ધુવે ત્યારે ઉજળું થાય, તેમ જેની બુદ્ધિ શાપિત હોય તે સર્વે પાળે છે, એટલું જ પાળે તો એ દોષ ટળે નહિ. અને બીજા જેમ નિષ્કામી રહે છે, નિઃસ્વાદી રહે છે, નિર્લોભી રહે છે, નિઃસ્નેહી રહે છે, નિર્માની રહે છે તેમજ એને ન રહેવું, બીજા નિષ્કામી રહેતા હોય તેથી એને વિશેષે નિષ્કામી રહેવું, અને બીજા નિર્લોભી રહેતા હોય તેથી એને વિશેષે નિર્લોભી રહેવું, અને બીજા નિઃસ્વાદી રહેતા હોય તેથી એને વિશેષે નિઃસ્વાદી રહેવું, અને બીજા નિઃસ્નેહી હોય તેથી એને વિશેષે નિઃસ્નેહી રહેવું, અને બીજા નિર્માની રહેતી હોય તેથી એને વિશેષે નિર્માની રહેવું, ને બીજા સૂઈ રહે તે કેડે ઘડી મોડું એને સૂવું, ને બીજા માળા ફેરવે તેથી એ વિશેષે માળા ફેરવે, અને બીજા ઉઠે તેથી ઘડી વહેલો ઉઠે, એમ સર્વેથી વિશેષ પાળે તો એની બુદ્ધિ શાપિત ટળે, નહિ તો ટળે નહિ."

અહિંયા મહારાજે વચનામૃતમાં બતાવ્યું કે જે શાપિત બુધ્ધિ છે એ કેવી રીતે ટળે, અને શાપિત બુધ્ધિ થાવાના કારણ પણ ત્રણ બતાવ્યા. આપણે એટલું ધ્યાન રાખવાનું કે **બુધ્ધિ શાપિત થાય જ નહિ, એમ મૂળિયામાંજ જવાનું કોઈનું મન દુભાવવાનું જ નહિ. એટલે બધુ આપોઆપ સુધરી જશે.** ગણિતમાં આપણે કોઈપણ દાખલાનો જવાબ જોઈતો હોય, સાચા પરિણામ સુધી પહોંચવુ હોય અને શરૂઆતમાં રકમ ખોટી લખીએ તો પરિણામ ખોટું જ આવવાનું છે. **અહિંયા કોઈનું દિલ દુભાય નહિ એ જ શ્રેષ્ઠ ઉપાય છે. આપણે એ જ વિચારવાનું કે આપણે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ જે આખી સૃષ્ટિના કર્તા હર્તા છે એમના શરણમાં છીએ માટે કર્મો પણ એવા કરવાના કે કાયમ માટે એમના શરણમાં રહી શકાય.** અને અંતઃકરણને કેવી રીતે શુધ્ધ રાખવાનું, અહિંયા મહારાજે વચનામૃતમાં કપડાને અગ્નિમાં બાફીને પાણીમાં પલાળીને શુધ્ધ કરવાની વાત કરી છે. પણ અંતઃકરણને શુધ્ધ કરવા માટે અગ્નિમાં તપાવાય નહિ. અને પાણીથી પણ ધોવાય નહિ તો શું કરવાનું ? એવું કરવાનું કે ભગવાનના વિરહરૂપી અગ્નિ જ્યારે અંતર મનમાં

પ્રજવલિત થાય ત્યારે ભગવાન વિના રહી શકાતું નથી. બીજી મોટી વસ્તુ એ છે કે અંતર મનમાં ભગવાનના વિરહરૂપી અગ્નિ હશે ત્યારે કોઈપણ પ્રકારનો રાગ દ્વેષ અભાવ કાંઈ રહેશે જ નહિ. અને જે સાધનો કરો એ પણ ભગવાન માટે જ થશે. આ રીતે આપોઆપ અંતઃકરણ શુધ્ધ થઈ જાય છે. અને અહિંયા પાણીનો મતલબ છે. 'આંસુ' ભગવાન માટે રડીએ એટલે અંતઃકરણ શુધ્ધ થાય છે. તો મન-વચન-કર્મથી એવી રીતે રહેવાનું કે મંદિરમાં કોઈનો અભાવ આવે જ નહિ. કેમ કે કઈ વ્યક્તિ કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે તે જાણ્યા વગર મન ફાવે તેમ કોઈના ઉપર દોષ પ્રત્યારોપણ નહિ કરવાનો. કોઈનો 'અવગુણ' નહિ લેવાનો. કોઈનું દિલ નહિ દુભાવવાનું. બીજો કોઈ ઉપાય છે જ નહિ. **ભગવાન આપણને બધાને એવુ બળ અને શક્તિ આપે કે આપણને જે 'શરણ' મળ્યુ છે એ ક્યારેય છૂટે નહિ. આ 'ભૂમિ' ભરતખંડના રાજાની ભૂમિ છે. આપણે ભરતખંડના રાજા નરનારાયણદેવના શરણમાં છીએ.** જ્યાં કોઈપણ જાતની રોક-ટોક છે જ નહિ. એની એ સાબિતી છે કે આપણા નાથ છે એ કેટલા દયાળુ છે. જે રીતે ભજન કરવું હોય એ રીતે કરો. જ્યાં બેસવું હોય ત્યાં બેસો. શરત માત્ર એટલી છે કે મર્યાદા રાખવી પડે. આજ્ઞામાં રહેવું પડે. **જે વસ્તુ સહેલાઈથી મળી જાય છે એની કિંમત આપણને રહેતી નથી. વિચાર કરીએ તો ખબર પડે કે આપણને શું મળ્યુ છે. ભગવાનની મૂર્તિમાં કેટલું તેજ છે! કેટલું સુખ છે ! જ્યારે એવું લાગે કે મારી પાસે કાંઇ નથી, મારું કોઈ નથી. ત્યારે આ 'નરનારાયણદેવ' અને આ 'ચોક' યાદ કરી લેવાનો જેટલી જોઈએ એટલી શક્તિ મળી જશે. એવો અહેસાસ થઈ જશે કે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, સર્વસાક્ષી, સર્વદ્રષ્ટા, સર્વ નિયંતા, સર્વ શક્તિમાન એવા ભગવાન મારું બધુ પુરુ કરવા વાળા, મારી ચિંતા કરવા વાળા મારું ધ્યાન રાખવા વાળા બેઠા છે.**

●

પ્રભુનો ખરો ખપ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

શ્રીજી મહારાજે દયા કરીને આ દુર્લભ મનુષ્ય દેહ આપ્યો છે. સારા કુળમાં જન્મ થયો. ભગવાન અને ભગવાનના સંત ઓળખાયા. આ દેહે ભગવાન રાજી થઈ જાય તેમ કરી લેવું. ભગવાન અને સંતના ગમતામાં રહીને છેલ્લો જન્મ થઈ જાય તેવું કરી લેવું. શેરડી ઉપર અનેક સંસ્કારો કરીને આપણે તો ગોળ કાઢી લેવાનો છે. તેમ આ મનુષ્ય દેહે કરીને આપણે ત્યાગ, તપ, સ્વધર્મના સંસ્કારો જગાડીને પણ ભગવાન મેળવી લેવાના છે. સુખ માત્ર સત્સંગથી આવે છે. શ્રધ્ધાવાન પુરુષ હોય અને સાચા સંતનો સંગ મળે તો ધર્મ, ભક્તિ, વૈરાગ્ય, વિવેક આદિ કલ્યાણકારી ગુણો ઉદય થઈ આવે છે.

પૂર્વના અનેક જન્મના પુણ્ય ઉદય થાય છે ત્યારે આવો સત્સંગનો જોગ મળે છે. જોગ મળ્યા પછી પણ શ્રધ્ધા અને ખપમાં જેટલો વધારો થાય તેટલી જ પ્રભુના પંથે પ્રગતિ થાય છે. મરીને ભગવાનને પામવાનું છે. તે છતે દેહે જ મળી જાય છે. પરંતુ પોતાને જો લગની ન હોય તો જીવ વૃદ્ધિને ન પામે. મહિમા સમજ્યા વિના લગની પણ લાગતી નથી. ભગવાનને ઓળખ્યા વિના ઉત્સાહ પણ વધતો નથી. આસ્થા પણ વધતી નથી. ભગવાન પુરુષોત્તમ નારાયણનો મહિમા ત્યારે સમજ્યા કહેવાઈ કે જ્યારે નાનામાં નાના સત્સંગીના દાસાનુદાસ થઈને વર્તાય.

પ્રભુને પામવાનો ખરો ખપ જાગે ત્યારેજ સત્સંગનો ભીડો સહન થાય. રોક-ટોક ને પ્રસંગે ઈષ્ટદેવ કે ગુરૂમાં ભાવ ફરે નહી. સર્વે ભગવદીયનું વેણ ખમવું. એવો સ્વભાવ થઈ ગયો હોય આવી રીતે સત્સંગમાં દાસત્વપણું આવી જાય છે.

એક મોટા સાહેબને ત્યાં સંતો પધરામણીએ ગયા હતા. સાહેબે ભાવથી સંતોને આવકાર આપ્યો. તેમને બુઢિયો કરીને એક પટાવાળો હતો. સાહેબે બેલ વગાડી કે તુરત સામે બે હાથ જોડીને "જી હા" કહીને નમ્રતા ભાવે ઉભો રહ્યો. સાહેબ પ્રત્યે તેના મુખના અને શરીરના હાવ ભાવ જોતા કેમ જાણે મૂર્તિમાન નિર્માનીપણું બુઢિયામાં આવી ગયું હોય ? કામ કરવાનો એનો ઉત્સાહ જ એવો હતો. સંતોએ ઓફિસમાંથી બહાર આવીને પૂછ્યું કે ભાઈ, સાહેબ તને શું પગાર આપે છે ? રણકતા સ્વરે બુઢિયો બોલ્યો મને સાહેબ મહિને પાંચસો રૂપિયા આપે છે. સાહેબ બહુ ભલા છે. મને બહુ સાચવે છે. તેનો જવાબ સાંભળી ને સંતો તો દિગ્મૂઢ બની ગયા. આ દ્રશ્ય જોઈને મોટા સંતને નાના સંતોને કહ્યું. જોયું ને ? તેની તો પેટની વેઠ છે. એ સિવાય બીજુ કાંઈ નથી. હવે આપણે વિચાર કરવાનો રહ્યો. આપણે તો પ્રભુનું ધામ મેળવવું છે. આપણો "જી હા" નો રણકો કેવો નક્કર છે ? એ તો આપણે આપણા હૃદયમાં તપાસી લેવું જોઈએ.

પૂર્વના ભક્તોને ભગવાન મેળવવાનો કેવો ખપ હતો. રાજ્ય આદિક સુખ-વૈભવનો ત્યાગ કરીને પહાડોને ગુફામાં આસન કર્યા હતા. પ્રભુને પામવા માટે દેહના દુઃખની એણે દરકાર નહોતી કરી. આત્મ સુખમાં મસ્ત રહીને એમને નક્કર તપ કર્યા હતા. જેવા કે ધ્રુવ-પ્રહલાદ-ભતૃહરિ-મીરાંબાઈ, નરસિંહ મહેતા આદિ.

પૂર્વના ભક્તો તો ઠીક પણ પ્રગટના ભગવાનના ભક્તો શ્રધ્ધા અને ખપમાં ક્યાં ઓછા હતા ? ડાંગરવાના

અગરોજી અને અમરાજીની શી વાત કરવી ? તેમણે એવો વિચાર આવ્યો કે ઘણાં મુમુક્ષુઓ સંસાર છોડી પ્રભુને પામવા જાય છે. રખેને અચાનક મહારાજનું તેડું આપણે જ આવ્યું તો આપણી શી તૈયારી ? આમ બંને ભાઈઓએ વિચારીને તાંબા-પિત્તળના વાસણો કાઢીને માટીના વાસણો વસાવી લીધા. રાજસ ભાવવાળા પદાર્થો ધીરે ધીરે કાઢી નાખ્યા. જ્યાં મહારાજનો કાગળ આવ્યો કે તુરત માટીના વાસણો ઉપર પગ દઈને કચડી નાખ્યા. પ્રભુ ભજવા, ત્યાગી થવા ચાલી નીકળ્યા. આ બાબતમાં તેની માતાએ પણ સૂર પુરાવ્યો કે મારે તો ભગવાન જેવો ધણી છે. રખે મારી કાંઈ ચિંતા ન કરતા. ચાલો હું બંનેને ગામની ભાગોળ સુધી વળાવવા આવું. આ કોઈ નાની સુની વાત નથી.

માંગરોળમાં આણંદજી સંઘેડીયાને શ્રીજી મહારાજે કહ્યું કે તારે સ્ત્રીને રાખવી હોય તો અમને છોડી દે અને અમને રાખવા હોય તો સ્ત્રીને છોડી દે. ત્યારે તેણે કહ્યું મહારાજ સ્ત્રીને મૂકી દઉંતો મને રોટલા કોણ ઘડી દે ? તમને મૂકી દઉં તો મારો મોક્ષ કોણ કરે ? મહારાજે કહ્યું તો તમે આજથી વિમુખ છો. મહારાજે ગામના હરિભક્તોને ભલામણ કરી કે તમારે આણંદજીભાઈને મંદિરમાં આવવા દેવા નહિ. જો આવે તો હડ કુતરી કહીને કાઢી મૂકવા. આમ કહીને મહારાજ બીજે ગામ પધાર્યા.

આણંદજીભાઈ છ મહિના સુધી મંદિરની બહાર બેસીને ભજન કરતા. અને હરિભક્તોના જોડા લઈને સાફ કરી નાખતા. ફરી શ્રીજી મહારાજ માંગરોળ પધાર્યા. અને આ દ્રશ્ય જોઈને મહારાજ રાજી-રાજી થઈ ગયા. તેનો કલ્યાણનો ખપ જોઈને મહારાજ એ ભક્તને ભેટ્યા. ત્યારે સાધારણ ભક્તો તો આવા સંજોગમાં મંદિર જવાનું જ છોડી દેતા હોય છે. મંદિર છોડવાનું નથી પરંતુ સ્વભાવો છોડવાના છે. કલ્યાણનો ખપ રાખવાનો છે. હૃદયમાં આવી ગાંઠ પડશે ત્યારે પ્રભુને પામશે.

ગઢપુરમાં દાદા ખાચરને ઘરકામ માટે કોઈ માણસ જોઈતું હતું. ત્યારે મહારાજે પ્રથમ કાઠીઓને પૂછ્યું કે કોઈ દાદા ખાચારના ગોલા થશે ? ત્યારે કહે જે ના મહારાજ અમારે તો ખાવા-પીવા છે. એના ગોલા શા સારૂં થઈએ ? મહારાજ કહે, પર્વતભાઈ હોય તો થાય. થોડીવારે પર્વતભાઈ આવ્યા. મહારાજે પૂછ્યું. તમે દાદા ખાચરના ગોલા થશો ? પર્વતભાઈએ કહ્યું હા, મહારાજ અમે ઘરના ગોલા તો છીએ જ. ત્યારે એમાં શું ? ભગવાન ભક્તના ગોલા થવાય તેવા ભાગ્ય ક્યાંથી ? મહારાજ પર્વતભાઈ ઉપર ખૂબ રાજી થયા. બીજાથી આમ બોલાય નહિ. તો થવાજ કેમ ? માટે ભગવાનને પામવાનો ખપ હોય તેનાથી જ દાસાનુદાસ થઈને રહેવાય.

કારિયાણીના માંચા ભક્ત તથા તેમના મિત્ર ભોજો ચારણ બંને ભગવાન શોધવા નીકળ્યા. બંનેને એવો ઠેરાવ કે જેને ભગવાન મળે તે બીજાને મેળાવડાવે. પ્રથમ રામાનંદ સ્વામીને મળ્યા. પછી મહારાજને મળ્યા. એટલે માંચા ખાચરે ભોજાભાઈને તેડાવી લીધા. મહારાજના દર્શને જવું હતું. બહાર નીકળ્યા ત્યાં ખેતર દીઠું. તો ત્યાં ખેતર દીઠું તો કપાસ તૈયાર થયો હતો. મનમાં થયું કે કપાસ લઈને જઈએ. વળી વિચાર આવ્યો કે પરમ પ્રાપ્તિ થવાની છે. તેમાં વળી કપાસ રોકી રાખશે. તેથી ઘરવાળાને બોલાવીને કહ્યું જે ૫૦૦ વીઘાના કપાસને ભેળવી દો. ત્યારે ઘરવાળાએ ના પાડી. ત્યારે માચા ભક્ત કહે હું કહું છું ને તેમાં તને શો વાંધો છે. પણ ગાયો-ભેંસો-બકરાના ધણ ને ભેળવીને પછી બંને શ્રીજી મહારાજના દર્શને ગયા. આતો ખપની વાત છે. ભગવાન મેળવવાનો આવો ખપ જાગે તે ઉત્તમ ભક્ત કહેવાય. જેને આ લોક ગળે જ વળગ્યું છે તેને તો તુચ્છ પદાર્થનો પણ ત્યાગ ન થાય. અણસમજણ વાળા ભક્તો ખેતરના શેઢા માટે ઝગડે છે ને ભક્ત સામે મરણીયો જંગ ખેલતા હોય છે. આવી સમજણ સૌ ભક્તજનોએ હૃદયમાં ધારવા જેવી છે. મનની વૃત્તિ પાછી વાળીને વિચારવું છેલ્લો જન્મ કરવો છે ને ભગવાન મેળવવાનો ખપ છે. તો ક્યાંય બંધાવું નહિ. બાધિતાનુ વૃત્તિ રાખીને ક્યાંય બંધન રાખવું નહિ.

●

વહાલામાં વહાલું હોય ઈ આપો

- કંચનબેન રણછોડભાઈ પટેલ (નારણપુરા)

પંચાળાની બાજુમાં ઓઝત નદી ને સામે કિનારે બાલાગામ નામનું નાનકડું ગામ આવેલું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પંચાળાથી બાલાગામે પધરામણી કરી હતી.

આ ગામમાં એક ડોશીમાં રહેતા હતા. તેઓ જ્ઞાતિએ કડિયા-કુંભાર હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણનાં અનન્ય આશ્રિત હતા. વ્યવહારે સાધારણ હતા. પણ સ્વભાવના ભારે ઉદાર હતા.

ડોશીમાં શબરીની જેમ આતુર હૈયે મહારાજનાં પધારવાની રાહ જોઈ રહ્યા હતા. ગામમાં ઘરે ઘરે પધરામણી કરતા કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણ ડોશીમાને ઘેર પધાર્યા.

મહારાજના આગમનથી ડોશીમાં હરખઘેલા થઈ ગયા. એમણે ભાવથી મહારાજનું પૂજન કર્યું. ડોશીમાના અંતરમાં આજે આનંદનો સાગર રેલાઈ રહ્યો હતો. એમના મનમાં થઈ રહ્યું હતું કે, "હું મહારાજના ચરણમાં શું શું ભેટ ધરું ? વળી એને થયું કે, "આજે તો મહારાજ જે માગે તે એમને આપી દઉં."

ડોશીમાએ ભક્તિભાવના કેફથી છલકાતે હૈયે મહારાજને કહ્યું, ''મહારાજ ! આપ મારે ઘેર પધાર્યા. મને ન્યાલ કરી નાખી, માગો માગો હું તમને શું આપું ?''

ભલા ભોળા ડોશીમાની વાત સાંભળી સર્વે આશ્ચર્ય ચકિત થઈ ગયા - સામાન્ય રીતે પ્રસન્ન થયેલા ભગવાન ભક્તને પૂછતા હોય છે કે ''ભગત ! માગો હું તમને શું આપું?'' જ્યારે આજે ગંગા ઉલટી વહી રહી છે. અહીં વ્યવહારે દુબળા પણ ભક્તિથી ભરપૂર એક ડોશીમાં ભગવાનને કહી રહ્યા હતા કે ''માગો, હું તમને શું આપું ?''

ડોશીમાની વાત સાંભળી મહારાજ હસ્યા અને બોલ્યા, ''મા ! તમને જે વહાલામાં વહાલું હોય એ અમને આપો.''

ડોશીમાના આંગણે ગાય બાંધી હતી. માને થયું ''મને આ ગાય વહાલી છે. તે મહારાજને આપી દઉં.'' વળી ડોશીમાને વિચાર આવ્યો. ''મહારાજે વહાલી વસ્તુ નહીં વહાલામાં વહાલી વસ્તુ માગી છે.'' ''ઘરમાં પટારામાં મરણમૂડીના રૂપિયા પડ્યા છે, એ મને ગાય કરતાં પણ વહાલા છે. મારી એ મરણમૂડી મહારાજને ચરણે ધરી દઉ?''

આમ જ્યાં ડોશીમાં વહાલામાં વહાલી વસ્તુને શોધવા વિચારે ચઢ્યા છે. ત્યાંજ એમના બે વ્હાલ સોયા દીકરાઓ ''મહારાજ ઘેર પધાર્યા રે'' તે સાંભળીને દોડતા આવ્યા. એમના નામ હતા દેવજી અને પ્રેમજી.

દીકરાઓને જોતાવેંત ડોશીમાને થયું, ''અરે ! આ બે દીકરા મને વહાલામાં વહાલા છે. માટે આ બેય દીકરાઓ જ મહારાજને અર્પણ કરી દઉં.''

એમણે દીકરાઓને કહ્યું, ''દીકરાઓ ! મહારાજે મારી પાસે વહાલામાં વહાલી વસ્તુ માંગી છે અને આ દુનિયામાં તમારાથી બીજું કોઈ મને વહાલું નથી. તમે બંને મને મારા જીવથીય વધારે વહાલા છો. હું તમને મહારાજની સેવામાં અર્પણ કરવા માંગુ છું.''

સિંહના તો સિંહ જ હોય, એમ સંસ્કારી મા ના દીકરા પણ સંસ્કારી જ હોય. બેય દીકરાઓ હરખથી બોલ્યા, ''મા ! પૂછવાનું શું હોય ? સંસારના વૈતરા કરવા કરતા મહારાજની સેવામાં જોડાવું એમાં શું ખોટું છે ?''

ડોશીમા દીકરાઓની વાત સાંભળી અત્યંત રાજી થયા. એમ બેય દીકરાના હાથ મહારાજના હાથમાં સોંપ્યા અને બોલ્યા, ''મહારાજ ! આ મારી વહાલામાં વહાલી વસ્તુ આપને અર્પણ કરું છું.''

આસપાસના ભક્તજનો ડોશીમાનું આવું અદ્‌ભુત સમર્પણ જોઈને આભા બની ગયા. ડોશીમાએ દીધેલા દીકરાનાં દાન સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે બંને દીકરાઓને સાધુ કર્યા. દેવજીનું નામ ''દહરાનંદ સ્વામી'' રાખ્યું અને પ્રેમજીનું નામ ''પ્રસાદાનંદ સ્વામી'' રાખ્યું. આ પ્રસાદાનંદ સ્વામી છેલ્લા શ્વાસ સુધી અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના આશરે રહ્યા હતા. હાલ પણ તેમના નામનો પ્રસાદીનો મેડો અમદાવાદ મંદિરમાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનાં સંત-મંડળમાં આ બંને સંતો મોખરાનું સ્થાન પામ્યા હતા.

●

કાળો પહાડ - ઘોર જંગલ

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

બદ્રીકાશ્રમથી આગળ ચાલતા-ચાલતા સાંજ પડવા આવી છે. આ ઘોર જંગલ છે. મોટો પર્વત છે. તે પર્વતની પાસે મોટું જેનું થડીયું છે એવો ઘટાદાર વડ છે. એની નીચે રાક્ષસનું રહેઠાણ છે. ભૂતાવળ તેની સાથે રહે છે. ઘોર અંધારી રાત્રી છે. ભયંકર અવાજો થઈ રહ્યા છે. જે યક્ષ, રાક્ષસ, રાક્ષસીઓનાં છે. ઘણી જગ્યાએ ભડકા થઈ રહ્યા છે. વીજળી ચમકી રહી છે. એના થોડા પ્રકાશે વર્ણીરાજ ને કંઈ-કંઈ દેખાય છે. થોડીવાર થઈ રાક્ષસ-રાક્ષસીઓ અને તેના અનુચરો પોતાનો ચારો કરી આવી પહોંચ્યા .તેઓ મોઢામાં પશુ-પક્ષીઓને લઈ આવી રહ્યા છે. વર્ણીરાજ આ દૃશ્ય જુવે છે. છતાં પર્વત પ્રાય ધીરજવાળા વર્ણીરાજ સહેજ પણ મનમાં ડર્યા નથી. રાક્ષસ-રાક્ષસીઓએ ત્રાડ નાખી, આવો આ બટુકને ખાઈ જાઓ, બધા ચિચિયારી કરવા લાગ્યા અને જ્યાં બટુક બેઠા ત્યાં ઘસમસતા સામે આવ્યા. વર્ણીરાજે હનુમાનજી મહારાજને સંભાર્યા તો હનુમાનજી મહારાજ તુરંત હાજર થયા. મોટું પૂંછડું વધારી ને બધાનો ભારો બાંધ્યો. પછી વડની સૌથી ઊંચી ડાળી હતી તેના ઉપર ચડ્યા અને કેટલાકનાં માથા પર્વત સાથે પછાડ્યા. કેટલાકને વૃક્ષો સાથે અથડાવ્યા અને મોઢામાંથી લોહી ઓકવા લાગ્યા. આ બધાની રાડારાડી સાંભળી વર્ણીરાજે સહેજ આંખ હનુમાનજી સામે કરી (ઈશારો કર્યો) ''ક્ષમા વીરસ્ય ભૂષણમ્'' વીરનું ભૂષણ ક્ષમા છે. ''થોડી પ્રસાદી આપવા દોને ?'' બરાબર લેતા જાય. ધરાઈ-ધરાઈને પ્રસાદી આપવાનો વિચાર હતો, પણ શ્રીહરિની આજ્ઞા થતા છોડી દીધા.

''પાપી કૃષ્ણને પીડવા આવ્યો, હનુમાને મારી નસાડ્યા,
વીતી રાત, દિવસ થયો ત્યારે, હનુમાન ફળ લાવ્યા''
ત્યારે

આ રીતે હનુમાનજીએ રાક્ષસ-રાક્ષસીનો પરાભવ કરી પછી મહારાજને સ્વાદુ ફળ લાવી જમાડ્યા.

સત્સંગ સમાચાર

વિશ્વના સૌ પ્રથમ કાલુપુર મંદિર ખાતે અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ

ફાગણ સુદ-૧ તા. ૪-૩-૨૦૨૬ શ્રી નરનારાયણદેવ જયંતી - ફુલદોલોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરંપરાગત રીતે ભવ્યતાથી ઉજવાયો.

બપોરે ૧૨-૦૦ કલાકે આપણા ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની પ્રાકટ્યોત્સવની આરતી ઉતારીને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળને અબીલ-ગુલાલના સુંદર રંગોથી ભીંજવીને પ્રસાદીના ચોકમાં સુંદર સમિયાણામાં કેસૂડાના રંગની પિચકારી વડે સતત એક કલાક પર્યન્ત હજારો હરિભક્તોને ભીંજવી દીધા હતા. આ અલૌકિક દર્શન માટે હરિભક્તો પણ પડાપડી કરતા હતા. પત્રિકા-આમંત્રણ વગર હજારો હરિભક્તોનો મહેરામણ જોઈને એમ લાગે કે શ્રી નરનારાયણદેવ અહીં પ્રત્યક્ષ હાજરા હજૂર છે. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂ.શ્રીરાજા પણ આ પ્રસંગે બહેનોને દર્શન આશીર્વાદ દેવા પધાર્યા હતા. મહંત સ.ગુ. શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીએ સુંદર આયોજન કર્યું હતું.

(કોઠારી સ્વામી)

વિશ્વના સૌ પ્રથમ કાલુપુર મંદિર ખાતે ચૈત્રી સમૈયો શ્રી રામનવમી શ્રીહરિ ૨૪૫ મો પ્રાકટ્યોત્સવ-અખંડધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રેરણાથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે ચૈત્ર સુદ-૯ તા. ૨૭-૩-૨૦૨૬ શુક્રવાર શ્રી રામ નવમી શ્રીહરિ ૨૪૫ મો પ્રાકટ્યોત્સવ - અખંડ ધૂન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ-અભિષેક આદિ કાર્યક્રમો ધામધૂમથી ઉજવાયા.

પ્રાતઃ ૬ કલાકથી સાંજના ૬ કલાક પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન પ્રસાદીના સભા મંડપમાં પ્રારંભ થયો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રી પણ ધૂનમાં બિરાજ્યા હતા. સંત-હરિભક્તોથી સભા મંડપ ભરાઈ ગયો હતો. આજે અક્ષરભુવનમાં બિરાજમાન બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થયો હતો. અન્નકૂટ આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. પરમકૃપાળુ શ્રી નરનારાયણાદિ દેવોને લીલી દ્રાક્ષના અદ્‌ભુત-અલૌકિક અન્નકૂટ દર્શન હજારો હરિભક્તોએ કર્યા હતા.

બપોરે ૧૨ કલાકે મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામચંદ્રજી ભગવાનની જન્મોત્સવ આરતી ઉતારવામાં આવી હતી. ધૂનમાં બેસનાર અને સમૈયામાં ઉપસ્થિત તમામ હરિભક્તોને સુંદર મજાના તરબૂચનો પ્રસાદ આખો દિવસ જમાડેલ. સાથે સાથે લીંબુ સરબત પણ ધૂનમાં બેસનાર ભક્તોને પાયું હતું. સાંજે ૬ કલાકે મહંત સ્વામી અને યજમાન હરિભક્તોએ પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. આજે દરેક હરિભક્તો માટે ફલાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સેવા કરનાર યજમાન હરિભક્તોને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. રાત્રે ૮ થી ૧૦ મંદિરના પ્રસાદીના ચોકમાં આપણા સત્સંગી કલાકારોએ સંપ્રદાયની મર્યાદામાં રહીને રાસ ગરબા ગાયા હતા. રાત્રે ૧૦-૧૦ ઘડીએ શ્રીહરિ પ્રાકટ્યોત્સવની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. જે દર્શન અલૌકિક અને દિવ્ય હતા. હજારો સંત - હરિભક્તોએ પ્રાકટ્યોત્સવની આરતીના દર્શન કરી પંજાજીરીનો પ્રસાદ લીધો હતો. પૂ. મહંત સ્વામીના સંત મંડળે સુંદર આયોજન કર્યું હતું.

આજના અલૌકિક પ્રસંગના યશસ્વી યજમાનશ્રીઓ : (૧) બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના ૭૩ માં પાટોત્સવના યજમાનશ્રી : પ.ભ.અ.નિ. રાજાભાઈ કનુભાઈ ઝવેરી (જામનગરવાળા), અ.નિ. રસિકલાલ રાજાભાઈ ઝવેરી (અમદાવાદ) ● અ.નિ. ઘનશ્યામભાઈ રાજાભાઈ ઝવેરી (મુંબઈ), પ.ભ. નવીનભાઈ રાજાભાઈ ઝવેરી (રાજકોટ), પ.ભ. વિજયભાઈ રાજાભાઈ ઝવેરી (અમદાવાદ) - હ. જીતેન્દ્ર રસિકભાઈ ઝવેરી, જે.પી. રસિકભાઈ ઝવેરી, ચેતન ઘનશ્યામભાઈ ઝવેરી, સુનિલ ઘનશ્યામભાઈ ઝવેરી, અનિલ નવીનભાઈ ઝવેરી, મિતેન ઘનશ્યામભાઈ ઝવેરી, બીરજુ વિજયભાઈ ઝવેરી, જય નવીનભાઈ ઝવેરી

(૨) અખંડ મહામંત્ર ધૂનના યજમાનશ્રી : પ.ભ.અ.નિ. ગુરૂજી નાથજીભાઈ ઈચ્છારામ શુકલ - હ. ભાસ્કરભાઈ ● અ.નિ. પટેલ બાબુલાલ અંબાલાલ સાકરચંદ (મોખાસણવાળા) (ગલ્લાપેટી સમિતિ) ● અ.નિ. અંબાલાલ નાથાભાઈ પટેલ (મુખી પરિવાર - ઝુંડાલ) ● અ.નિ.

બાબુભાઈ મણીલાલ શાહ (પ્રાંતિજવાળા) - હ. અ.નિ. શરદભાઈ, અશ્વિનભાઈ, ભરતભાઈ, કમલેશભાઈ.

(૩) શ્રીહરિના ૨૪૫ માં પ્રાગટ્યોત્સવની આરતીના યજમાનશ્રી : શ્રી નરનારાયણદેવના પૂજારીના હેતરૂચીવાળા હરિભક્તો સમસ્ત. (કોઠારી સ્વામી)

શ્રી સ્વામિનારાયણ મંદિર દિયોદર દશાબ્દી પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ.શા. સ્વા. હરિકૃષ્ણદાસજીની દિવ્ય પ્રેરણાથી એવમ્ સ.ગુ. મહંત શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર દિયોદરનો દશાબ્દી પાટોત્સવ તા. ૨૫-૨-૨૦૨૬ થી તા. ૧-૩-૨૦૨૬ દરમ્યાન ભવ્યતાથી ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી રામચરિત્ર માનસની પંચદિનાત્મક પારાયણ સ.ગુ. શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (મહંતશ્રી - નારણઘાટ)ના વક્તાપદે થઈ હતી. શાકોત્સવનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧-૩-૨૦૨૬ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. તેઓશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અમદાવાદ મંદિરના મહંત સ્વામી, જે.પી. સ્વામી આદિ ઘણા સંતો પધાર્યા હતા. અહીંના હરિભક્તોએ વિવિધ સેવામાં યજમાન બની સેવાનો લાભ લીધો હતો. (જે.પી. સ્વામી - ભંડારી સ્વામી)

શ્રી સ્વામિનારાયણ મંદિર સેક્ટર-૨ ગાંધીનગર માતૃ- વંદના મહોત્સવ

